Gujarat Samachar, Ahmedabad, Aug 08 2012

# ૯૦૦ સ્ટુડન્ટ્સ વચ્ચે જામી ક્વિઝ કોમ્પિટીશન

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા રવિન્દ્રનાથ ટાગોર હોલમાં ગઈકાલે આઈટી ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અમદાવાદ, વડોદરા સહિતની કેટલીય સ્કુલોના સ્ટુડન્ટ્સે આ ક્વિઝમાં ભાગ લીધો હતો. અમદાવાદ અને વડોદરાને લીડ કરતી છ જેટલી સ્કુલોની ટીમે આ ક્વિઝ કોમ્પિટીશનમાં પોતાનો હાથ અજમાવ્યો હતો. આ ક્વિઝ કોમ્પિટીશનની મુખ્ય થીમ અત્યારના જમાના પ્રમાણેની હતી. ક્વિઝમાં પૂછવામાં આવેલા તમામ પ્રશ્નો કમ્પ્યુટર અને ટેકનોલોજીને લગતા હતા. બ્રાઈડ ડે સ્કુલ વડોદરા, મહારાજા અગ્રેસર,અમદાવાદ, નવરચના સ્કુલ, ડીપીએસ સ્કુલ વડોદરા, સંતકબીર સ્કુલ વડોદરા, ડીપીએસ બોપલ, આ છ સ્કુલોએ આ ક્વિઝ કોમ્પિટીશનમાં ભાગ લીધો હતો. જેમાંથી મહારાજા અગ્રેસન સ્કુલે ૭૫ પોઈન્ટની સાથે આ ક્વિઝ જીતવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. તો દ્વિતીય નંબરે સંત કબીર સ્કુલમાં રહી હતી. આ બંન્ને સ્કુલના પ્લેયર્સને ટ્રોફી પણ એનાયત કરવામા આવી હતી. આ કોમ્પિટીશનમાં પાર્ટીસિપેટ કરનાર તમામ ફાઈનલિસ્ટ્સને અલગ અલગ પ્રકારના ગિફ્ટ હેમ્પર્સ આપવામાં આવ્યા હતા. ઉપરાંત સાચા જવાબો આપનારા દર્શકોને પણ પેનડ્રાઈવ,ટી-શર્ટ્સ જેવા ગિફ્ટ પણ અવામાં આવી હતી.

આ અંગે વિજેતા બનનાર ટીમના પ્લેયર માનસ અને યશ કહે છે કે અત્યારે જે પ્રમાણે ટેક્નોલોજીનો જમાનો ચાલી રહ્યો છે તે પ્રમાણેની આ ક્વિઝ કોમ્પિટીશનનું આયોજનથી અમારુ પણ ટેક્નોલોજી પ્રત્યેનું જ્ઞાન વધ્યું છે. આ પ્રકારની ક્વિઝ કોમ્પિટીશન અવાર નવાર યોજાતી રહેવી જોઈએ જેનાથી અમારી પેઢીને જે વસ્તુની જરૂર છે તે મળી રહે.

આ અંગે વિજેતાઓને ગિફ્ટ આપનાર પંકજ કુમાર ગુપ્તા કહે છે કે અમે આ પ્રકારની કોમ્પિટીશન દર વર્ષે યોજતા હોઈએ છીએ. આનું મુખ્ય કારણ એ છે કે દેશનું ભાવિ આગામી પેઢીના હાથમાં છે.





**ક્વિઝમાં ઈન્ટરનેટને લગતાં પ્રશ્નોએ વિધાર્થીઓને વધુ આતુર બનાવ્યા. સૌથી પહેલી ડોટ કોમ વેબસાઈટ કંઈ?**